Coverage Report: TCS IT Wiz – Ahmedabad Edition

**Publication:** Gujarat Pranam
**Date:** 07/08/2014
**Edition:** Ahmedabad
**Page No:** 3
**Headline:** DPS Bopal wins 2014 TCS IT WIZ Ahmedabad edition

### વિજેતાઓ મેગા ફાયનલમાં અમદાવાદનું પ્રતિનિધિત્વ કરશે

# ટીસીએસ આઈટી વિઝ, ૨૦૧૪ની અમદાવાદ એડીશન માં અમદાવાદ ની ડિપીએસ બોપલ સ્કૂલ વિજેતા બની



અમદાવાદ તા. ૫, ઓગસ્ટ,૨૦૧૪: અગ્રણી આઈટી સર્વિસીસ , કન્સલ્ટીંગ અને બિઝનેસ સોલ્યુશન્સ કંપની ટીસીએસ દ્વારા ટાગોર હોલ પાલડી ખાતે આયોજીત ભારતની સૌથી મોટી ઈન્ટર સ્કૂલ આઈટી વિઝમાં અમદાવાદની વિવિધ શાળાઓના ૮૦૬ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગલીધો હતો.

પ્રાદેશિક ફાયનલ પછી ડિપીએસ બોપલ, અમદાવાદ શાળાના અંશુલ રોય અને અભય વેંકટેશ વિજેતા બન્યા હતા. જ્યારે રનર્સ અપ તરીકે આનંદ વિદ્યા વિહાર, વડોદરા શાળાના તન્વી ઐયર અને વિધી શાહ નો સમાવેશ થતો હતો. વિજેતાઓને ટીસીએસ તરફથી સ્પેસ પેક, સીપર્સ, ઈયરફોન્સ, યુએસબી પેનડ્રાઈવ, સ્પીકર્સ તથા અન્ય ઈનામો પ્રાપ્ત થયાં હતાં.

વિજેતાઓને ગુજરાતના મા. શિક્ષણ પ્રધાન શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા તથા ટીસીએસ -ગુજરાતના વીપી અને સેન્ટર હેડ શ્રી હસિત કાજીના હસ્તે ઈનામ વિતરણ કરાયું હતું.

ઈન્ટેલીજન્ટ અને રસપ્રદ સવાલોના સમાવેશ તથા સોફ્ટવેરઆધારિત રાઉન્ડઝ, ગેમીફીકેશન અને એનિમેશન જેવા નવતર ટેકનોલોજી ધરાવતા અભિગમ દ્વારા દ્વારા ટીસીએસ આઈટી વિઝ દ્વારા ક્વિઝીંગની દુનિયામાં અનોખુ પરિવર્તન હાંસલ કરી શકાયું છે. આ વરસે આ પ્લેટફોર્મ ઉપરથી દુનિયાભરમાં બહુચર્ચિત બનેલા ટેકનોલોજીકલ પ્રવાહોને આવરી લેવાયા હતા. આ ક્વિઝનો હિસ્સો બનનાર વિદ્યાર્થીઓ આ ટેકનોલોજીસને સમજીને તથા તેનો લાભ લઈને પોતાના બહેતર ભાવિનુ નિર્માણ કરી શકશે. ધોરણ-૮ થી ૧૨ માં ભણતા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ (પ્રિ-યુનિવર્સિટી જુનિયર કોલેજના વિદ્યાર્થીઓ સહિત) એમાં સામેલ થયા હતા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી ન્હોતી . ક્વિઝ દરમ્યાન સોશિયલ મિડીયા આઉટરીચ પ્રોગ્રામના ભાગ તરીકે ઈન્ટરએકટિવ ટવીટર કોન્ટેસ્ટનુ આયોજન કરવામાં આવ્યું હતું

ટ્વીટ કરો અને માઈલેજ મેળવો: ટ્વીટર કોન્ટેસ્ટમા ૩૮૪૯ ટ્વિટ પ્રાપ્ત થયા હતા. ટોચના બે વિજેતાને કેપ અને બ્લુટૂથ સ્પીકર્સ અપાયા હતા. ટ્વીટર કોન્ટેસ્ટમાં માઈલેજ અર્નીંગ સિસ્ટમ રખાઈ હતી જેમાં દરેક ટ્વીટને પોઈન્ટ મળતા હતા. પિક્ચર-૩ પોઈન્ટ સાથેનું ટવીટ અને રિ-ટ્વીટસને પાંચ પોઈન્ટ મળશે. ૧૪ શહેરોમાંથી સૌથી વધુ ટ્વીટ પોઈન્ટ મેળવનારને મુંબઈની ઈન્ટરનેશનલ ટીસીએસ આઈટી વીઝની ટ્રીપ માટે વિજેતા બન .